# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 08/06/2026** **EVENING: 7.50 TO 8.00 PM**

**DAY: MONDAY** **NATIONAL NEWS**

## આકાશવાણી સમાચાર હેમાંગીની સોનારા વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કેન્દ્રીય સશસ્ત્ર દળોના જવાનોને શૌર્ય પુરસ્કારો પ્રદાન કર્યા.

2) દેશમાં ક્રૂડ ઓઇલ, એલપીજી અને કુદરતી ગેસનો પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય હોવાની સરકારની ખાતરી.

3) દેશનું વિશ્વસનીય જાહેર પ્રસારણકર્તા, આકાશવાણીની 90મી વર્ષગાંઠની આજે ગૌરવભેર ઉજવણી.

4) ફિલિપાઇન્સમાં 7.8 ની તીવ્રતાના ભૂકંપમાં 32 ના મોત અને 200 થી વધુ લોકો ઘાયલ.

5) ક્રિકેટમાં ભારતે ટેસ્ટ મેચના ત્રીજા દિવસે અફઘાનિસ્તાનને એક ઇનિંગ્સ અને 300 રનથી હરાવ્યું.

*****************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો

# PREZ-GALLANTARY AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે સશસ્ત્ર દળો, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો અને કેન્દ્રશાસિત પ્રદેશોના પોલીસ કર્મચારીઓને શૌર્ય પુરસ્કારો પ્રદાન કર્યા છે. રાષ્ટ્રપતિ ભવનમાં આયોજિત સંરક્ષણ સન્માન સમારોહમાં આ પુરસ્કારો પ્રદાન કરવામા આવ્યા છે. લેફ્ટનન્ટ કમાન્ડર સૂરજ પરાશર, લેફ્ટનન્ટ કર્નલ નીતિશ ભારતી શુક્લા, મેજર આદિત્ય પ્રતાપ સિંહ, ઇન્સ્પેક્ટર લક્ષ્મણ કેવત અને રામેશ્વર દુર્ગા દેશમુખને શૌર્ય ચક્રથી સન્માનિત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે ઉપરાષ્ટ્રપતિ સીપી રાધાકૃષ્ણન, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણમંત્રી  રાજનાથ સિંહ અને અન્ય કેન્દ્રીય મંત્રીઓ અને સશસ્ત્ર દળોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# PM GARIB KALYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગરીબોના લાભ માટે સરકારની 12 વર્ષની વિકાસ યાત્રા પર પ્રકાશ પાડ્યો. આજે એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે આ સમયગાળા દરમિયાન, દેશમાં ઘણા ફેરફારો જોવા મળ્યા છે, અને ગરીબો અને વંચિતોનું કલ્યાણ આ ફેરફારોના કેન્દ્રમાં રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે જન ધન ખાતું, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, સ્વચ્છ ભારત અભિયાન, પીએમ આવાસ યોજના, જળ જીવન મિશન અને આયુષ્માન ભારત જેવી દરેક પહેલનો ઉદ્દેશ્ય લોકો માટે ગૌરવ અને તક સુનિશ્ચિત કરવાનો છે.

# INTERMINISTERIAL-BRIEFING

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું છે કે પશ્ચિમ એશિયામાં સંઘર્ષ હોવા છતાં, દેશમાં ક્રૂડ ઓઇલ, એલપીજી અને કુદરતી ગેસનો પુરવઠો સંપૂર્ણપણે સામાન્ય છે.

આજે નવી દિલ્હીમાં એક આંતર-મંત્રીસ્તરીય પત્રકાર પરિષદમાં, મંત્રાલયના અધિક સચિવ પ્રવીણ ખનુજાએ જણાવ્યું હતું કે સરકારે અવિરત ઇંધણ પુરવઠો અને ઉર્જા સુરક્ષા જાળવવા માટે અનેક પગલાં લીધાં છે.

તેમણે જણાવ્યું કે દેશની રિફાઇનરીઓ અને ગેસ પ્રોસેસિંગ યુનિટ્સે ગઈકાલે આશરે 53 હજાર  મેટ્રિક ટન ઉત્પાદન કર્યું હતું, જે કટોકટી પહેલાના સ્તરની તુલનામાં આશરે 60 ટકાનો વધારો છે.

રસાયણો અને ખાતર મંત્રાલયના અધિક સચિવ અપર્ણા શર્માએ જણાવ્યું હતું કે દેશમાં ખાતરનો પૂરતો ભંડાર પણ છે.

તેમણે જણાવ્યું હતું કે કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે આ વર્ષની ખરીફ સિઝન માટે 380 લાખ મેટ્રિક ટનથી વધુ ખાતરની જરૂરિયાતનો અંદાજ લગાવ્યો છે. ખેડૂતોએ અત્યાર સુધીમાં આશરે 86 લાખ મેટ્રિક ટન ખાતર ખરીદી લીધું છે.

# BIRLA – CPA

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ આજે ચંદીગઢમાં હરિયાણા વિધાનસભા ખાતે કોમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસિએશન ઇન્ડિયા રિજન ઝોન-2 પરિષદનું ઉદ્ઘાટન કર્યું.

ત્રણ દિવસીય પરિષદમાં દેશભરના વિધાનસભાના અધ્યક્ષો અને અનેક રાજ્યોના પ્રતિનિધિઓ મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરશે, જેમાં વર્ષ 2047માં વિકસિત ભારતનું નિર્માણ કરવામાં જનપ્રતિનિધિઓની ભૂમિકા, કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ અને લોકશાહી સંસ્થાઓને વધુ અસરકારક બનાવવાનો સમાવેશ થાય છે.

રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશ પણ પરિષદમાં હાજર હતા. આ ઉપરાંત, 13 અધ્યક્ષ , 4 ઉપાધ્યક્ષ અને 7 સચિવો ભાગ લઈ રહ્યા છે.

# AKASHWANI 90 YEARS

દેશનું વિશ્વસનીય જાહેર પ્રસારણકર્તા, આકાશવાણી આજે તેની 90મી વર્ષગાંઠ ઉજવી રહ્યું છે. વર્ષ 1936માં આજના દિવસે, ભારતીય રાજ્ય પ્રસારણ સેવાનું નામ બદલીને ઓલ ઈન્ડિયા રેડિયો રાખવામાં આવ્યું.

પ્રસાર ભારતીના CEO ગૌરવ દ્વિવેદીએ આકાશવણીના તમામ કર્મચારીઓ અને શ્રોતાઓને શુભેચ્છાઓ પાઠવી.

(BYTE - GAURAV DWIVEDI - CEO PRASAR RECRUITMENT)

પ્રખ્યાત લોક ગાયિકા માલિની અવસ્થીએ આકાશવાણી સાથેના તેમના લાંબા જોડાણને યાદ કર્યું, તેને તેમની કલાત્મક યાત્રાનો એક અભિન્ન ભાગ ગણાવ્યો. જ્યારે, ઓલિમ્પિયન શૂટર, મનુ ભાકરે પણ આકાશવાણીને 90 વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા.

# INDIA – MEETING

આજે નવી દિલ્હીમાં ઇન્ડિયા બ્લોકની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં અનેક વિપક્ષના નેતાઓએ ભાગ લીધો હતો. બેઠકમાં આમ આદમી પાર્ટી અને ડીએમકે પાર્ટી સહિત કેટલાક વિપક્ષી પક્ષો ગેરહાજર રહ્યા હતા.

મલ્લિકાર્જુન ખડગેએ બેઠક પછી પત્રકારોને જણાવ્યું હતું કે બેઠકમાં ૨૫ રાજકીય પક્ષોએ ભાગ લીધો હતો.

## (BYTE - MALLIKARJUN KHARGE)

નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા, ભારતીય જનતા પાર્ટી પ્રવક્તા સંબિત પાત્રાએ જણાવ્યું હતું કે જનતાએ પહેલાથી જ વિપક્ષી ગઠબંધનને બિનઅસરકારક બનાવી દીધું છે, અને હવે તે આવી બેઠકો દ્વારા તેની સુસંગતતા પાછી મેળવવાનો પ્રયાસ કરી રહી છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---

# SHAH – GARIB KALYAN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ગરીબોનું કલ્યાણ એ સરકારની ટોચની પ્રાથમિકતા છે. સોશિયલ મીડિયા સંદેશમાં  શ્રી શાહે કહ્યું કે છેલ્લા 12 વર્ષમાં સરકારે પ્રધાનમંત્રી આવાસ, જન ધન, મુદ્રા અને પ્રધાનમંત્રી સ્વાનિધિ જેવી કલ્યાણકારી યોજનાઓ હેઠળ કરોડો નાગરિકોને બેંકિંગ સુવિધાઓ, નાણાકીય સુરક્ષા અને સ્વરોજગારીની તકો સાથે જોડ્યા છે. મંત્રીએ કહ્યું કે દેશના ગરીબોને માળખાગત સુવિધાઓ, સામાજિક સુરક્ષા અને સુધારેલા જીવનધોરણ દ્વારા આર્થિક મુખ્ય પ્રવાહમાં એકીકૃત કરીને વિકસિત ભારત માટે મજબૂત પાયો નાખવામાં આવી રહ્યો છે.

# WB – PM JAY

બંગાળ આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના લાગુ કરતા દેશના 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં જોડાયું છે. આ યોજના પાત્ર લાભાર્થીઓને ગૌણ અને તૃતીય સંભાળ હોસ્પિટલમાં દાખલ થવા માટે પ્રતિ પરિવાર દર વર્ષે 5 લાખ રૂપિયા સુધીનો આરોગ્ય વીમો પૂરો પાડે છે. રાષ્ટ્રીય આરોગ્ય સત્તામંડળ અને પશ્ચિમ બંગાળ સરકારે રાજ્યમાં આ યોજનાના અમલીકરણ માટે આજે નવી દિલ્હીમાં એક સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીની હાજરીમાં આ સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સુવેન્દુ અધિકારીએ તેમની પ્રતિક્રિયા આપી,

**(BYTE: SUVEND ADHIKARI)**

# PHILLIPINES - EARTHQUAKE

ફિલિપાઇન્સના દક્ષિણ વિસ્તારમાં સર્જાયેલ 7.8 ની તીવ્રતાના ભૂકંપમાં 32 લોકોના મોત અને 200 થી વધુ લોકો ઘાયલ થયા. જનરલ સેન્ટોસ સિટીમાં મુખ્ય માળખાગત સુવિધાઓને નુકસાન થયું.

ફિલિપાઇન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સિસ્મોલોજીએ અહેવાલ આપ્યો છે કે ભૂકંપનું કેન્દ્ર મિંડાનાઓ ટાપુ પર સારાંગની પ્રાંતમાં માસિમ કિનારાથી 32 કિલોમીટર દક્ષિણપશ્ચિમમાં ઊંડાઈએ સ્થિત હતું. ઇન્ડોનેશિયાના ઉત્તર સુલાવેસી અને માલુકુ પ્રાંતોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

# TEST CRICKET

ક્રિકેટમાં ભારતે ટેસ્ટ મેચના ત્રીજા દિવસે અફઘાનિસ્તાનને એક ઇનિંગ્સ અને 300 રનથી હરાવ્યું. ન્યૂ ચંદીગઢમાં રમાયેલી મેચમાં ભારતે પોતાનો પહેલો દાવ 8 વિકેટે 564 રન પર ડિકલેર કર્યો હતો. જવાબમાં, અફઘાનિસ્તાન પ્રથમ દાવમાં 152 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. આ પછી,અફઘાનિસ્તાને બીજા દાવમાં ફક્ત 112 રન બનાવ્યા અને ભારતે મેચ જીતી લીધી. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરી રહેલા માનવ સુથારને મેચમાં સાત વિકેટ લેવા બદલ પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો.

# INDORE – BRICS

મધ્યપ્રદેશના ઈન્દોરમાં આવતીકાલથી 13 જૂન સુધી બ્રિક્સ કૃષિ કાર્યકારી જૂથ અને બ્રિક્સ કૃષિ મંત્રીઓની મહત્વપૂર્ણ બેઠકોનું આયોજન કરશે. કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આજે ભોપાલમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે આ બેઠકો આ વર્ષે બ્રિક્સ સંગઠનના ભારતના અધ્યક્ષપદ દરમિયાન થઈ રહી છે. બ્રિક્સ એક શક્તિશાળી વૈશ્વિક પ્લેટફોર્મ બની ગયું છે. બ્રિક્સ દેશો વિશ્વની કૃષિ જમીનનો આશરે 42 ટકા હિસ્સો ધરાવે છે અને વિશ્વના કુલ ખાદ્યાન્નનું 45 ટકા ઉત્પાદન કરે છે. શ્રી ચૌહાણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ બેઠકો બ્રિક્સ દેશોમાં કૃષિ સહયોગને નવી દિશા આપશે.

# TMC – CALCUTTA – HC

મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળની તૃણમૂલ કોંગ્રેસ-TMC એ આજે પશ્ચિમ બંગાળ વિધાનસભાના અધ્યક્ષ દ્વારા ઋતાબ્રત બેનર્જીને વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે માન્યતા આપવાના નિર્ણયને પડકારતા કલકત્તા વડી અદાલતમાં અરજી કરી છે.

અહેવાલો અનુસાર, તૃણમૂલ કોંગ્રેસે દલીલ કરી છે કે ઋતાબ્રત બેનર્જીની વિપક્ષના નેતા તરીકે નિમણૂક કરવાનો અધ્યક્ષનો નિર્ણય સ્થાપિત સંસદીય ધોરણો અને પ્રક્રિયાઓની વિરુદ્ધ છે. આ અરજીમાં અધ્યક્ષના નિર્ણયની ન્યાયિક સમીક્ષા અને આ પદ માટે પક્ષના ઉમેદવાર એસ. ચટ્ટોપાધ્યાયને માન્યતા આપવાની માંગ કરવામાં આવી હોવાનું માનવામાં આવે છે.

આ મામલાની સુનાવણી 11 જૂન માટે સૂચિબદ્ધ કરવામાં આવી છે.